# ગાંધીનગર-સરખેજની બસ સાંજે ન મળતા મુસાફરોમાં આક્રોશ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર થી સરખેજ રોજના હજ્જારો મુસાફરો આવન જાવન કરે છે. ત્યારે સાંજના સુમારે બસ સેવા નહીંવત હોવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ના છુટકે મુસાફરોને ખાનગી વાહનમાં ઝોખમી મુસાફરી કરવાનો વારો આવે છે. તો બીજીતરફ દિવસભર પાંચ પાંચ મિનિટે દોડતી બસ સાંજ થતા જ કેમ ઠપ થઈ જાય છે. જયારે સરખેજ તરફની બસ ગ્રામ્ય વિસ્તારના સ્ટેન્ડ પરથી ઉપડતા મુસાફરોને ભારે હાલાકી વેઠવાનો વારો આવે છે. ત્યારે સરખેજની બસ સેવા શહેરી બસ સ્ટેન્ડમાંથી ઉપડે તેવી



માંગ મુસાફરો દ્વારા કરવામાં આવી છે છતા તંત્ર દ્વારા હજુ સુધી નિવેડો લાવવામાં આવ્યો નથી.

ગાંધીનગર થી સરખેજની બસ સેવા નિયમિત શરુ કરવામાં આવી છે. અમદાવાદ તરફના માર્ગો પર સૌથી વધુ ટ્રાફિક આ માર્ગ પર મુસાફરોનો જોવા મળે છે. અમદાવાદ -ગાંધીનગર અપડાઉન કરતા હજ્જારો મુસાફરો છે. આ મુસાફરોને દિવસ દરમિયાન તો બસ સેવા સરળતાથી મળી રહે છે. સાંજ ઢળતા જ સરખેજ તરફની બસ સેવાના ધાંધિયા શરુ થઈ જાય છે. સાંજે બસ ન મળતા ના છુટકે મુસાફરોને ખાનગી વાહનોમાં મોં માગ્યા રૂપીયા ચુકવીને ઝોખમી મુસાફરી કરવી પડે છે. જયારે શહેરી વિસ્તારના બસ સ્ટેન્ડના સ્થાને એસટી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટેન્ડથી જ બસ ઉપાડતા કેટલાક નાગરીકોને ખબર ન હોવાથી બસ સેવાથી વંચિત રહે છે. ત્યારે શહેરી બસ સ્ટેન્ડમાંથી સરખેજ તરફની બસ ઉપડે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# ચંદ્રાલામાં બે સંતાનની માતાનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

## ઘરકંકાસથી કંટાળી આપઘાત કર્યો હોવાની આશંકાને પગલે પોલીસ તપાસ શરુ

ગાંધીનગર, તા.૪

ચિલોડા પાસે આવેલા ચંદ્રાલા ગામમાં રહેતી બે સંતાનની માતાએ ગઈ કાલે બપોર પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હોવાનું જાણવા મળ્યું હતું. પરિણીતાને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાઈ હતી જો કે હાલત વધુ ગંભીર જણાતા બીજી ખાનગી હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવી પડી હતી. ગઈ સાંજે હોસ્પિટલમાં તેણીનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું છે. ચિલોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી પી.એમ. કરાવી વિશેરા એફએસએલ મોકલીને મૃત્યુનું ચોકકસ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે તો બીજી તરફ ઘરકંકાસથી કંટાળીને આપઘાત કર્યો હોવાની આશંકાએ પોલીસે તપાસ આરંભી છે.

ચંદ્રાલા ગામમાં રહેતી ૩૪ વર્ષીય પરિણીતા આશાબેન જયદીપભાઈ પટેલ બે સંતાનોની માતા હતી. ગઈ કાલે બપોરે ઘરે હતી ત્યારે તેણીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પરિવારજનોને જાણ થતા તાત્કાલીક આશાબેનને બેભાન હાલતમાં નજીકની ક્રિશ્ના હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાઈ હતી. જો કે હાલત ગંભીર જણાતા ત્યાંથી એપોલો હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવી હતી. સાંજે પાંચેક વાગ્યાના અરસામાં પરિણીતાનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. ચિલોડા પોલિસને ઘટનાની જાણ થતા મૃતદેહ પી.એમ. કરાવી મૃત્યુનું કારણ બહાર લાવવા વિશેરા લઈ ફોરેન્સીક તપાસ માટે સેમ્પલ મોકલી દેવાયા છે તો બીજી બાજુ આપઘાતની શંકાએ પોલિસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# ગાંધીનગરની પાયલૉટ દિકરી કેપ્ટન હિરલ વ્યાસના દ્વિતિય પુસ્તકનું વિમોચન

ગાંધીનગરના વરિષ્ઠ પત્રકાર અને બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન વ્યાસના દિકરી તથા પાયલૉટ કેપ્ટન હિરલ વ્યાસના દ્વિતિય પુસ્તક 'ઈન્ટરવ્યુ પ્રિપરેશન



ગાઈડ'નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પુસ્તકના વિમોચન પ્રસંગે અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન પ્રિતી અદાણી, ટ્રસ્ટી શિલિન અદાણી, અદાણી ગૃપના સિક્યુરિટી હેડ વી.એસ. ચંદ્રાવત, અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પી.એન. રૉય ચૌધરી તથા એએસડીસીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વી.એસ. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ વિમોચન સમારંભ મુંબઈ ખાતે તા. ૧લી માર્ચે યોજાયો હતો.

કેપ્ટન હિરલ વ્યાસ પાયલૉટ હોવા સાથે સોફ્ટ સ્કીલ ટ્રેઈનર અને મોટિવેશ્નલ સ્પીકર પણ છે. આ સાથે તેઓ કારકિર્દી માર્ગદર્શક અને લેખિકા છે. બહુમુખી પ્રતિભા ધરાવતા ગાંધીનગરના દિકરી એવા કેપ્ટન હિરલ વ્યાસે વર્ષ ૨૦૧૪માં 'એરક્રાફ્ટ ટેકનિકલ ક્વેશ્ચયન બુક' નામનું પુસ્તક લખ્યું હતું. જે પાયલૉટ બનવા માંગતા યુવાનો માટે પાયાની ટેકનિકલ માહિતી પુરી પાડતુ ઉડ્ડયન ક્ષેત્રે પ્રસંશાપાત્ર પુસ્તક હતુ. પ્રથમ પુસ્તકની સફળતા બાદ તેમણે સમાજના તમામ યુવાનોને ઉપયોગી બને તેવુ પુસ્તક લખવા નિર્ણય કર્યો હતો અને તે મુજબ તેમણે લખેલ દ્વિતિય પુસ્તક 'ઈન્ટરવ્યુ પ્રિપરેશન ગાઈડ'નું વિમોચન કરાયુ છે. આ પુસ્તક આજના સ્પર્ધાત્મક યુગમાં યુવાનોને ઈન્ટરવ્યુ અંગે તમામ પ્રકારની તૈયારીઓ કરી તેમના આત્મવિશ્વાસને વધારનારૂ સાબિત થશે તેવુ મનાઈ રહ્યું છે.



# શહેરમાં સમસ્ત રાજસ્થાન સમાજે હોળી-ધુળેટી પર્વ ઉજવ્યુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં વસતા સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા હોળી-ધૂળેટીના પર્વને પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ તથા ભાજપના શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ દાસ, મહામંત્રી કનુભાઈ દેસાઈ તથા વોર્ડ નં. ૪ના કોર્પોરેટર ધીરૂભાઈ ડોડિયા, પૂર્વ કોર્પોરેટર સુરેશભાઈ મહેતા ઉપરાંત અગ્રણીઓ સંદિપ જ્યોતિકર, સંજીવ મહેતા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

રાજસ્થાન સમાજમાં હોળી-ધુળેટીનું પર્વ ખૂબ મહત્વ ધરાવે છે અને આ પર્વે વર્ષ દરમ્યાન જન્મેલા બાળકની પ્રથમ હોળીએ ઢુંડ કાઢવામાં આવે છે. રાજસ્થાની રીતિ-રિવાજ મુજબ આ વર્ષે પણ હર્ષોલ્લાસથી પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સમાજના અગ્રણી તુલસીભાઈ માળી ચોળાફળીવાળાના લઘુબંધુ કસ્તુરભાઈ માલીના પૌત્રની ઢુંડમાં મેયરે બાળકને તેડી લીધુ હતુ. આ ઉત્સવમાં સમસ્ત રાજસ્થાન સમાજના અગ્રણીઓ જેવા કે તુલસીભાઈ માલી, માધુભાઈ, મુપાજી, જગદાનભાઈ ચારણ, પ્રદિપસિંહ ચંપાવત, ભલાજી વગેરેની ઉપસ્થિતિમાં સમાજના બંધુઓએ મોટી સંખ્યામાં એકઠાં થઈ કેસરિયાં ખેસ સાથે સમૂહમાં ઉત્સવ મનાવ્યો હતો.

# મહર્ષિ અત્રિ તપોવન શાળાનો ઉલ્લાસભેર વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-વિજાપુર માર્ગ પર પીંપળજ પાસે આવેલ મહર્ષિ અત્રિ તપોવન શાળાનો ૧૫ મો વાર્ષિકોત્સવ તાજેતરમાં સેકટર-૧૭




ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતા ૧૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી.ટાઉનહોલમાં બાળકોની અવનવી કૃતિઓ નિહાળીને વાલીગણે તાળીઓથી વધાવી લીધા હતા.

ગાંધીનગર નજીક આવેલ મહર્ષિ અત્રિ તપોવન શાળાનો ૧૫મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ લીખીયાજી તેમજ સરકારી આર્યુવેદિક કોલેજના એચઓડી ચેતનાબેન જાની, નાથીબા કોલેજના યોગીનીબેન , શાળાના ટ્રસ્ટી ભરતભાઈ હુમ્મર તેમજ રણછોડભાઈ પટેલ હાજર રહ્યા હતા.

મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મહેમાનો પોતાના પ્રાસંગિક પ્રવચનમાં બાળકોને પ્રેરણાદાયી ઉદબોધન કર્યું હતું. શાળા પરિવાર દ્વારા મહેમાનોનું ફુલહારથી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં આગળ વધતા નાના બાળકો દ્વારા સેવ વોટર ઉત્સવ ગીત રજુ કર્યું હતું. ત્યારબાદ ગુજરાતી ગીત લહેરી લાલા, તેમજ ભગતસિંહ, વાલ્યો લુંટારો, કોમેડી નાટક અકબર - બિરબલ, ગણેશ વંદના, તેમજ ટીમલી નૃત્ય રજુ કર્યુ હતું. આ પ્રસંગે શાળાના બાળકો તેમજ વાલીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે પુષ્પ દોલોત્સવ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પૂજન અર્ચન આરતી કરી પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે પુષ્પથી ઠાકોરજીને વધાવ્યા હતા. ઉપસ્થિત હરિભક્તોએ પણ આનંદ ઉલ્લાસથી લાભ માણ્યો હતો. દેશ વિદેશથી પણ હરિભક્તોનો મોટો સમુહ ઉપસ્થિત રહ્યો હતો. સાત્વિક રંગના અમી છાંટણાના પ્રસાદથી દરેકે ધન્યતા અનુભવી હતી.

# વ્યસન-અંધશ્રદ્ધા મુક્તિના સંદેશ સાથે ટીંટોડા પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક મહોત્સવમાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ દેશભક્તિ-ગીતો, નૃત્યો તેમજ વ્યસનમુક્તિ અને અંધશ્રદ્ધા નિવારણ જેવા સામાજિક જાગૃતિ વિષયે મનનપ્રેરક નાટકો રજૂ કરી દર્શકોને વિચારતા કરી મૂક્યાં હતા. સમગ્ર વાર્ષિક મહોત્સવના આયોજન માટે ટીંટોડા ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ટીંટોડા પ્રાથમિક શાળાના વાર્ષિકોત્સવમાં જીસીઈઆરટીના નાયબ નિયામક વિનયગીરી ગોસાંઈ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર ભરતદાન ગઢવી, શાળાના પ્રધાનાચાર્ય મનુભાઈ પટેલ, ગાંધીનગર ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદજી સોલંકી, ગાંધીનગર શહેર ક્ષત્રિય



સેનાના પ્રમુખ રાહુલસિંહ ઠાકોર, ટીંટોડા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદજી ઠાકોર તથા ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાના શિક્ષણમંત્રી અશોકજી ઠાકોર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત ટીંટોડાના ગ્રામજનો, આસપાસના વિસ્તારના ક્ષત્રિય ઠાકોર સેનાના યુવા કાર્યકર્તાઓ વગેરે પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિક મહોત્સવમાં બાળકોએ ગીત-સંગીત તથા કલાના માધ્યમથી વિવિધ કુરિવાજો, અંધશ્રદ્ધા, વ્યસન વગેરે અંગે સમાજ જાગૃતિનો સંદેશ પાઠવ્યો હતો.

# ડાયાબીટીસ રોગ અંગેના ડૉ. તિવેન મરવાહના પુસ્તકોનું વિમોચન કરતાં રાજયપાલશ્રી

અમદાવાદ, તા. ૪

ડાયાબીટીસ રોગના વધી રહેલા દર્દીઓને રોગ અંગે સાચી જાણકારી મળી રહે અને રોગથી ગભરાવાને બદલે તેની સંભાળ લેતા થાય તેવા આશયથી તૈયાર થયેલ ડૉ. તિવેન મરવાહના ડાયાબીટીસ અંગેના પુસ્તક, "ડાયાબીટીશની કડવી મીઠી વાતો" અને "ગોળ, ખાંડ,મધ અને સેકરીન કેટલા મીઠા કેટલા કડવા" પુસ્તકોનું રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ ડૉ. મરવાહની દર્દીઓના રોગના ઉપચારની સરળ શૈલીમાં લખાયેલા ડાયાબીટીસ રોગ અંગેના બન્ને પુસ્તકો માટે શુભેચ્છા પાઠવતા જણાંવ્યું હતું કે, વિદેશની ધરતી પર શિક્ષણ મેળવી માતૃભુમિની સેવા કરવાનો વિચાર મનમાં રાખવો એ ડૉ. મરવાહની પ્રસંશનીય વાતો પૈકીની એક વાત છે.

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ વધુમાં જણાવ્યું હતું કે, દર્દીઓની સાચી સેવા કરનારા તબીબ દર્દી માટે ભગવાન સ્વરૂપ હોય છે. ભારતમાં જ્યારે ડાયાબીટીસના દર્દીઓની સંખ્યામાં અસાધારણ રીતે વધારો થઈ રહ્યો છે તેવા સમયે પ્રકાશિત થઈ રહેલા આ બન્ને પુસ્તકો દર્દીઓની સમસ્યાઓના ઉકેલ લાવવામાં લાભકારી નિવડશે.

રાજયપાલશ્રીએ ભારતીય પરંપરામાં ધર્મની સાધના માટે જ્યારે શરીરનું સ્વસ્થ હોવું મહત્વનું છે ત્યારે આ પુસ્તક વાંચનાર દર્દીઓનું મનોબળ મજબૂત બનાવશે. રાજ્યપાલશ્રીએ હિન્દુ ધર્મગ્રંથ ગીતાનો સંદર્ભ ટાંકી આહાર-વિહારની રસપ્રદ વાતો પણ ઉપસ્થિત લોકો સમક્ષ કરી હતી. ઉપરાંત યોગ અને નેચરોપેથી દ્વારા પણ ડાયાબીટીસના રોગ અંગેની સારવાર કરી સ્વસ્થ રહી શકાય તેમ જણાવ્યું હતું.

વધુમાં તેમણે આ રોગ અંગેની જાણકારી ગુજરાત બહારના દર્દીઓ સુધી પણ સરળતાથી પંહોચી શકે તે અંગે આ પુસ્તકોનો ભારતની અન્ય ભાષામાં અનુવાદ થાય તેવા આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# ન્યૂ ઈન્ડિયામાં કોંગ્રેસ એક પછી એક સ્ટેટ ગુમાવે છે કારણ કે તેની પાસે મોદી નથી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ન્યૂ ઈન્ડિયાના નારા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૯ની ચૂંટણીની તૈયારી કરી રહ્યાં છે. મોદીની એક ખૂબી એ છે કે તેઓ કોઈપણ ચૂંટણી આવે, દોઢ-બે વર્ષ પહેલાં જ તેની તૈયારી કરી દેતાં હોય છે તેથી તેઓ સફળ થાય છે, જ્યારે કોંગ્રેસ ચૂંટણીની તારીખ પહેલાના બે મહિના પહેલાં તૈયારી કરે છે તેથી તેને પછડાટ મળે છે. મોદીનું ચૂંટણી ગણિત કોંગ્રેસ ક્યારેય સમજી શકી નથી. ગુજરાતમાં ૨૦૦૨માં મોદીએ સંપૂર્ણ સત્તા મેળવી ત્યારે કોંગ્રેસને એમ હતુ કે ૨૦૦૭માં જોઇ લઈશું પરંતુ મોદીએ ૨૦૦૭ની ચૂંટણી તૈયારી ૨૦૦૫માં કરી દીધી હતી. મોદીએ ૨૦૧૯ની ચૂંટણીની અડધી તૈયારી પૂર્ણ કરી છે. સવાલ એ થાય છે કે મોદીને નવા નવા રાજ્યોમાં સત્તા મળે છે પરંતુ જ્યાં સત્તા છે ત્યાં સત્તા સરકતી જાય છે. ગુજરાતમાં ૧૫૦ પ્લસના મિશન સામે માત્ર ૯૯માં ભાજપ સિમિત રહી ગઈ છે. ૨૦૧૮માં હવે કર્ણાટક અને મિઝોરમમાં ચૂંટણી છે, જ્યાં હાલ કોંગ્રેસની સરકાર છે. ૨૦૧૯માં લોકસભાની સાથે રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, સિક્કીમ, અરૂણાચલ, તેલંગાણા, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણી આવે છે ત્યારે ભાજપે તૈયારી શરૂ કરી છે પરંતુ કોંગ્રેસને હજી કળ વળી નથી. મોદીએ સાચુ જ કહ્યું છે કે- ભારતમાંથી કોંગ્રેસ નામશેષ થતી જાય છે અને આટલી મોટી નિષ્ફળતા કોંગ્રેસને ક્યારેય મળી નથી.

**ઇન્દિરા યુગને સમાપ્ત, મોદી શાસનના ચાર વર્ષમાં ૨૧ રાજ્યો કેસરી બની ગયા**

**● યોગી સાથે બ્યરોક્રેસી કામ કરી શકતી નથી...**

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે જેને ફાવે તે કામ કરી શકે છે પરંતુ જેને ફાવતું નથી તેઓ સરળ માર્ગ શોધે છે. આવું જ બન્યું છે ગુજરાત કેડરના એક આઈએએસ ઓફિસર સાથે... નામ છે આલોક પાંડે. આ ઓફિસર ત્રણ વર્ષ માટે ડેપ્યુટેશન પર ઉત્તરપ્રદેશ ગયા હતા. તેઓ ઉત્તરપ્રદેશની સરકારમાં ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટમાં એડિશનલ સેક્રેટરી છે. સચિવાલયમાં એવી ચર્ચા છે કે તેમને ઉત્તરપ્રદેશમાં ફાવતું નથી. તેઓ ગુજરાત આવવા માગે છે. હજી તો તેમણે તેમના વતન રાજ્યમાં એક વર્ષ પૂર્ણ કર્યુ છે અને થાકી ગયા છે. તેઓ શા માટે ગુજરાત આવવા માગે છે તેનું રહસ્ય જાણવા મળ્યું નથી પરંતુ એક ચર્ચા એવી છે કે યોગી આદિત્યનાથ અને બ્યુરોક્રેસી વચ્ચે અવારનવાર ચકમક સર્જાતી હોય છે. ઓફિસરો માટે ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં બ્યુરોક્રેસી શાંતિનો શ્વાસ લઈ શકે છે, કારણ કે ગુજરાતમાં કામ કરતા ઓફિસરોને પોલિટીકલ ડિસ્ટર્બન્સ નડતું નથી.

**● પોલીસની છાપ તેની ખાખી વરદીમાં છે...**

નવા પોલીસ વડા આવ્યા છે. તેમનો એઈમ સાફ છે. તેઓ પોલીસતંત્રને સુધારવા માગે છે. તેમણે આદેશ કર્યો છે કે ડ્યુટી ઉપર ચાલુ હોય તેવા પોલીસ કર્મચારીઓ જો તેમના ડ્રેસકોડમાં નહીં હોય તો પગલાં લેવામાં આવશે. તેમની વાત સાચી છે. કેટલાક પોલીસ કર્મચારીઓ ડ્યુટી પર હોય છે છતાં વરદી પહેરતાં નથી. પોલીસ વડાને કહેવાનું કે પોલીસની આ વરદીની છાપ બગડી ચૂકી છે તેથી પોલીસનો ડ્રેસકોડ બદલવાની આવશ્યકતા છે. ડ્રેસનો કલર બદલાશે તો પોલીસની છાપ સામાન્ય જનતામાં સુધરી શકે છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સમયમાં સાત વર્ષ પહેલાં પોલીસની ખાખી વરદીનો કલર બદલીને બ્રિટીશ પોલીસનો કલર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે એનઆઈડીના સ્ટુડન્ટ્સે નવી વરદી ડિઝાઈન કરી હતી પરંતુ કોણ જાણે છેલ્લી ઘડીએ ખાખીને બદલવાનું સરકારે પડતું મૂક્યું હતું. હકીકતમાં લોકોની નજરમાં પોલીસની છાપ ભ્રષ્ટાચારી છે તેથી લોકો કહે છે કે ખાખીથી ચેતતા રહેજો...

**● ગુજરાતના ૨૧ ઓફિસરો દિલ્હી દરબારમાં છે...**

ગુજરાતના સિનિયર આઈએએસ ઓફિસર ખાલી થઈ રહ્યાં છે. ગુજરાતના વધુ બે ઓફિસરો નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અને ૧૯૮૫ બેચના અધિકારી અનિલ મુકીમ અને ચીફ ઈલેક્ટ્રોરલ ઓફિસર બીબી સ્વૈન ડેપ્યુટેશન પર દિલ્હી જઈ રહ્યાં છે. હવે ભારત સરકાર અને મોદીએ ખમૈયા કરવા પડે તેમ છે, કારણ કે ગુજરાતમાં સિનિયર ઓફિસરોની તંગી સર્જાઈ છે. જાણીને નવાઈ લાગશે કે ગુજરાતના દિલ્હી ગયેલા આઈએએસ ઓફિસરોની સંખ્યા ૧૯ હતી જેમાં બે ઓફિસરોનો વધારો થતાં ૨૧ થઈ છે. મુકીન માટે કહેવાય છે કે તેઓ જો ગુજરાતમાં રહ્યાં હોત તો ચીફ સેક્રેટરી બની શક્યા હોત પરંતુ તેઓ હવે નવી દિલ્હીમાં જ વયનિવૃત્ત થઈ જશે. મોદી સરકારે અનિલ મુકીમને માઈન્સ સેક્રેટરી બનાવ્યા છે જ્યારે સ્વૈનને કોમર્સ મિનિસ્ટ્રીમાં એડિશનલ સેક્રેટરી બનાવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના માથે વધુ બે વિભાગોની જવાબદારી આવી છે કે જ્યાં નવી નિયુક્તિ કરવાની થાય છે. તેઓ ગુજરાતના વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો કરવાનું વિચારી રહ્યાં છે.

**ગુજરાતનું વહીવટી તંત્ર ચાલી શકે તેટલા સિનિયર ઓફિસરો તો હવે રહેવા દો**

**● મોદીનું TOP ગુજરાતના ખેડૂતો માટે બેકાર છે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતો માટે આપેલું -ટોપ- એટલે કે ટોમેટો, ઓનિયન અને પોટેટો મોડલ ફ્લોપ ગયું છે. ગુજરાતમાં આ ત્રણેય શાકભાજીના ભાવ તળીયે આવી પહોંચ્યા છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ તો ઠીક તેમને અને વેપારીઓને વળતર મળી રહે તેટલા રૂપિયા પણ મળતા નથી. મોદીએ કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો ત્યારે તેમણે બેંગલુરુમાં ભાજપની પરિવર્તન રેલીમાં રાજ્યની કોંગ્રેસ સરકારની ખામીઓ ગણાવી હતી અને એનડીએ સરકારની ટોચની પ્રાથમિકતા ટોપ(TOP) હોવાનું કહ્યું હતું. આ TOPનો અર્થ સમજાવતા તેમણે કહ્યું હતું કે ટોમેટો, ઓનિયન(ડુંગળી) અને પોટેટો(બટાકા). મોદીના આ ટોપ નો જાદુ વિધાનસભાની ચૂંટણી છે તે કર્ણાટકમાં ભલે ચાલ્યો હોય પરંતુ ગુજરાતમાં તે ફેઈલ ગયો છે. આજે છુટક બજારમાં ટામેટાં માત્ર ૧૦ રૂપિયે કિલોગ્રામ મળે છે. હોલસેલ માર્કેટમાં તો ટામેટાના ભાવ ત્રણ રૂપિયા કરતાં પણ ઓછા છે ત્યારે ખેડૂતોને ટ્રાન્સપોર્ટેશન પણ મોંઘુ પડે છે તેથી ટામેટાં તેઓ પશુઓને ખવડાવી દેતાં હોય છે. ટામેટાંની જેમ બટાટા અને ડુંગળીના ભાવ તળીયે આવી ચૂક્યાં છે. ખેડૂતોને જ્યાં સુધી સીધું બજાર નહીં મળે ત્યાં સુધી તેમને પોષણક્ષમ ભાવ મળવાના નથી...

**ટામેટો, ઓનિયન, પોટેટો ફોર્મ્યુલા કર્ણાટક માટે ઠીક, ગુજરાત માટે આફતરૂપ છે**

**● ઇન્દિરા યુગમાં પણ આટલા રાજ્યો ન હતા...**

શાસનના ચાર વર્ષમાં ચાર રાજ્યોમાંથી ૨૧ રાજ્યોમાં સત્તા હાંસલ કરવાનું શ્રેય એકમાત્ર નરેન્દ્ર મોદીને જાય છે. ૨૦૧૪માં મોદી દેશના વડાપ્રધાન બન્યા ત્યારે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને પંજાબમાં ભાજપની સત્તા હતી. ૨૦૧૮માં ભારતનો નકશો જ બદલાઈ ચૂક્યો છે. તેમનો કરિશ્મા ગુજરાતમાં હતો પરંતુ હવે આખા દેશમાં છે. ભાજપને વર્ષો સુધી જ્યાં એક પણ ઉમેદવાર મળતો ન હતો તેવા રાજ્યોમાં ભાજપે આજે પગપેસારો કર્યો છે. ભાજપને ત્રિપુરામાં સૌથી મોટી સફળતા મળી છે. આ રાજ્યની માણિક સરકારને પછાડીને ભાજપે બહુમત મેળવ્યો છે. ત્રિપુરામાં સીપીઆઈ(એમ)ના ૨૫ વર્ષ જૂના શાસનને ધ્વંશ કરી દીધું છે. આ માત્ર મોદી કરિશ્મા છે. ભારતમાં ઈન્દિરા ગાંધીનું શાસન હતું ત્યારે પણ દેશના આટલા રાજ્યોમાં કોંગ્રેસનું શાસન ન હતું. હાલ કોંગ્રેસની સરકાર માત્ર ત્રણ રાજ્યો મિઝોરમ, કર્ણાટકા અને પંજાબમાં છે અને મેઘાલયમાં કશમકશ ભરી સ્થિતિ છે. મોદી દેશના વડાપ્રધાન બન્યા પછી તેમણે એક પછી એક રાજ્યોની ચૂંટણીમાં તેમનો જાદુ પાથર્યો છે. નોટબંધી અને જીએસટીના કડવા ડોઝ છતાં મોદી એક પછી એક રાજ્યો સર કરતા ગયા છે. લોકસભા ૨૦૧૪ની ચૂંટણીમાં મોદીએ કોંગ્રેસ મુક્ત ઈન્ડિયાનો નારો આપ્યો હતો હવે તે સફળ થતો જણાય છે. મોદીની હાજરીથી ભાજપનો સિતારો બુલંદ છે.